# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ વચ્ચે નાગરિકોના હિતોનું રક્ષણ કરવું એ સરકારની ટોચની પ્રાથમિકતા.

2) પ્રધાનમંત્રી મોદી આજે ઉત્તર પ્રદેશના જેવર ખાતે નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે.

3) નકલી દસ્તાવેજના આધારે ઘૂસણખોરી કરનારાના નામ રદ કરવાનો એસઆઇઆરનો મુખ્ય આશય હોવાનું જણાવતા કેન્દ્રીય ગૃહમત્રી અમિત શાહ.

4) ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા માનવતાવાદી સહાયની અવરજવરને ઝડપી બનાવવા સંમત થયું.

5) રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની પ્રથમ મેચ સાથે આજ સાંજથી IPLનો આરંભ.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM- MEETING WITH CHIEF MINISTERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ વચ્ચે આર્થિક અને વેપાર સ્થિરતા જાળવી રાખવી, ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી, નાગરિકોના હિતોનું રક્ષણ કરવું અને ઉદ્યોગ અને પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવીએ સરકારની ટોચની પ્રાથમિકતાઓ છે.

શ્રી મોદીએ ગઈકાલે સાંજે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ અને ઉપરાજ્યપાલો સાથે વર્ચ્યુઅલી ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા આમ જણાવ્યું હતું, જેમાં ચાલી રહેલા પશ્ચિમ એશિયા સંઘર્ષ અને ભારત પર તેની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને દેશની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીએ સતર્કતા, આગોતરા આયોજન અને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સરળ સંકલનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ટીમ ઈન્ડિયા તરીકે સાથે મળીને કામ કરીને, દેશ ઉભરતા પડકારોનો સફળતાપૂર્વક સામનો કરશે. તેમણે નોંધ્યું કે પરિસ્થિતિ ગતિશીલ રહે છે અને તેને સતત દેખરેખ અને ઝડપી, અનુકૂલનશીલ પ્રતિભાવોની જરૂર છે.

શ્રી મોદીએ રાજ્યોને પુરવઠા શૃંખલાઓનું સુગમ સંચાલન સુનિશ્ચિત કરવા અને સંગ્રહખોરી અને નફાખોરી સામે કડક પગલાં લેવા જણાવ્યું હતું. તેમણે કૃષિ ક્ષેત્રમાં આગોતરા આયોજનના મહત્વ પર, ખાસ કરીને ખરીફ સિઝન પહેલા ખાતરની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો.

# PM NOIDA INTERNATIONAL AIRPORT

પ્રધાનમંત્રી મોદી આજે ઉત્તર પ્રદેશના જેવર ખાતે નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. આ એરપોર્ટ લગભગ ૧૧ હજાર ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ એરપોર્ટ, ભારતની વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર બનવાની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

સાંભળીએ આ અંગે એક એહવાલ......

## VC- ANUPAM-AIRPORT

# SHAH SIR

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મતદાર યાદીના ખાસ સઘન સુધારા (SIR)નો ઉદ્દેશ્ય એવા ઘૂસણખોરોના નામ દૂર કરવાનો છે જેમને નકલી દસ્તાવેજોના આધારે મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં  પત્રકાર પરિષદમાં બોલતા, શ્રી શાહે કહ્યું કે, આ કવાયતનો હેતુ મતદારોની યાદીઓની અખંડિતતા અને ચોકસાઈ સુનિશ્ચિત કરવાનો છે. તેમણે કહ્યું કે, તમિલનાડુ અને કેરળ સહિત ઘણા રાજ્યોમાં SIR પ્રક્રિયા કોઈપણ મોટા વાંધા વિના પૂર્ણ થઈ છે. તેમણે કહ્યું કે, મુખ્યત્વે પશ્ચિમ બંગાળમાંથી વાંધા આવ્યા છે, જ્યારે અન્ય રાજ્યોમાં પ્રક્રિયા સરળતાથી હાથ ધરવામાં આવી છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર બોલતા, ગૃહમંત્રીએ કહ્યું કે વૈશ્વિક વિક્ષેપો છતાં, ભારતમાં દૈનિક જીવન અકબંધ રહ્યું છે અને દેશે કટોકટીને અસરકારક રીતે સંચાલિત કરી છે.

**BYTE: AMIT SHAH PETROL**

# JAISHANKAR-G7 MINISTERS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ફ્રાન્સમાં G-7 વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન વૈશ્વિક આર્થિક સુરક્ષા માટે નેવિગેશનની સ્વતંત્રતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે જણાવ્યું કે બેઠક દરમિયાન, તેમણે તેની મૂલ્ય શૃંખલા સાથે મહત્વપૂર્ણ ખનિજો પર સહયોગ વધારવા માટે લેવાઇ રહેલા પગલાંની પ્રશંસા કરી હતી અને નાર્કો-આતંકવાદ જોડાણ દ્વારા ઉભા થયેલા ખતરા પર પણ ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે બેઠક દરમિયાન, મંત્રીઓએ વિવિધ પ્રદેશોમાં જોખમો અને સાર્વભૌમત્વ પર ચર્ચા કરી હતી.

અગાઉ, વિદેશ મંત્રીએ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો સાથે તેમજ સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી ફૈઝલ બિન ફરહાન સાથે મુલાકાત કરી હતી. વિદેશ મંત્રીએ ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી એન્ટોનિયો તાજાની, યુરોપિયન કમિશનના ઉપપ્રમુખ કાજા કલ્લાસ, યુક્રેનના વિદેશમંત્રી એન્ડ્રી ત્સિબિહા અને જર્મન વિદેશમંત્રી જોહાન વાદેફુલ સાથે પણ વાતચીત કરી હતી.

## WEST BENGAL- EC

પશ્ચિમ બંગાળના અનેક ભાગોમાં હિંસા અને અશાંતિના તાજેતરના બનાવોને ધ્યાનમાં રાખીને, ચૂંટણી પંચે પોલીસ વહીવટીતંત્ર પર દેખરેખ વધુ સઘન બનાવી છે. આવતા મહિને યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા તમામ સ્તરે અધિકારીઓને કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના નિર્દેશો અનુસાર, તમામ બિન-જામીનપાત્ર ધરપકડ વોરંટનું પાલન કરવું જોઈએ, અને ફરાર આરોપીઓને પકડવા માટે ખાસ પ્રયાસો કરવા જોઈએ.

પશ્ચિમ બંગાળમાં, 23 અને 29 એપ્રિલના રોજ બે તબક્કામાં મતદાન યોજાશે. રાજ્યમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે સોમવારે સૂચના જારી કરવામાં આવશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાત કાર્યક્રમની 132મી કડીમાં દેશવિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# IRAN HOURMUZ

ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા માનવતાવાદી સહાયની અવરજવરને ઝડપી બનાવવા સંમત થયું છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત અલી બહરૈનીએ જણાવ્યું કે, તેહરાને તેના પરમાણુ પ્લાન્ટ પર હુમલા ચાલુ હોવા છતાં, આ મહત્વપૂર્ણ જળમાર્ગ દ્વારા માનવતાવાદી સહાય અને કૃષિ પુરવઠો પસાર કરવાની મંજૂરી આપવા માટે વિનંતી સ્વીકારી છે.

એક મહિના સુધી ચાલેલા યુદ્ધ પછી આ અવરોધ બિંદુ પર આ સહાય યોજના પ્રથમ મોટી સફળતા છે. તેલ અને કુદરતી ગેસનો પુરવઠો અવરોધિત અને ખાતરો પર પ્રતિબંધ વિશ્વભરમાં કૃષિ અને ખાદ્ય સુરક્ષાને જોખમમાં મૂકી રહ્યો છે.

# WEST ASIA CONFLICT

પશ્ચિમ એશિયામાં તણાવ વધી રહ્યો છે, ગઈકાલે રાત્રે ઇઝરાયલે મુખ્ય ઇરાની સ્ટીલ, પાવર અને પરમાણુ પ્લાન્ટ પર હુમલાઓ તીવ્ર બનાવ્યા છે, જેનાથી ચાલુ સંઘર્ષ વધુ વધ્યો છે. ઇરાને આ હુમલાઓની નિંદા કરતા કહ્યું કે આ હુમલાઓ વાટાઘાટો માટે નિર્ધારિત સમયમર્યાદાનું ઉલ્લંઘન કરે છે.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ચેતવણી આપી હતી કે, ઇઝરાયલને ઈરાનના બે સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટ અને સંવેદનશીલ પરમાણુ પ્લાન્ટ સહિત મુખ્ય માળખાગત સુવિધાઓ પર હુમલાઓની ભારે કિંમત ચૂકવવી પડશે.

# IPL

આજથી આઇપીએલનો આરંભ થશે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદની મેચ સાથે આજે સાંજે બેંગલુરૂમાં આઇપીએલનો આરંભ થશે..

સાંભળીએ એક અહેવાલ.....

VC- SS-MUKESH

# CHESS AHMEDABAD

ગુજરાતનાં અમદાવાદમાં આજથી બે રાષ્ટ્રીય કક્ષાની શતરંજ સ્પર્ધાનો પ્રારંભ થશે. નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઇ રહેલી આ

સ્પર્ધામાં દેશભરમાંથી એક હજાર 935 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધાના આયોજન અંગે સંયોજક ડૉ. મહેન્દ્ર પટેલે જણાવ્યું કે આજથી ‘ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ અંડર-18 ચેસ ટુર્નામેન્ટ’ યોજાશે. જ્યારે રવિવારે ‘ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટ’નું આયોજન થશે. અંડર-18 કેટેગરીમાં 967 તથા ઓપન રેપિડ કેટેગરીમાં 968 ખેલાડીઓ ભાગ લેશે.

-----------------------------------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે દિવ્ય ભાસ્કર લખે છે કે "ન ઈંધણ મોંઘું થશે, ન લોકડાઉન લાગશે".
- સંદેશે લખ્યું છે કે, આજથી IPLનો શુભારંભ RCB અને SRH વચ્ચે પ્રથમ મેચ, ઓપનિંગ સેરેમની નહીં યોજાય.
- "ટ્રમ્પે હુમલાની મુદત વધુ 10 દિવસ વધારી" ના સમાચાર નવગુજરાત સમયે પ્રથમ પાને છાપ્યા છે.
- અને ફૂલછાબ લખે છે કે, પાણી પહેલા પાળ: પેટ્રોલ-ડીઝલમાં એક્સાઇઝ ઘટાડાઈ.
- સ્થાનીક સમાચારોમાં, ગુજરાતના  21 IASને પ્રભારી સચિવની જવાબદારી સોંપાઈ,  નવા IT એક્ટના અમલની તૈયારી માટે 31 માર્ચે આવકવેરા ઓફિસ ચાલુ રહેશે, જંત્રી આધારિત સ્ટેમ્પ ડયુટી જોગવાઇમાં રાહત. 300 રૂપિયા ટોકન ડયુટી અને અમદાવાદમાં જમીન વેચવાના બહાને 41 કરોડની ઠગાઇ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.